ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૬-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાષ્ટ્રીય રાજનીતિમાં નરેન્દ્ર મોદીનો ધમાકેદાર પ્રવેશ

'મેં જોયું, ઈચ્છુયું અને જીતી લીધું'- સિકંદરે વિશ્વ વિજેતા થવાનું સપનું જોયું હતું. એવું જ સપનું નેપોલિયન બોનાપાર્ટે સેવ્યું હતું. દ્રઢ સંકલ્પ શક્તિ ધરાવતા ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ પણ આ વિશ્વવિખ્યાત વિજેતાઓની હરોળમાં મૂકી શકાય એવી એકધારી વણથંભી વિજયકૂચનો વર્તમાન પડાવ તે ગોવામાં મળેલી રાષ્ટ્રીય કાર્યકારિણી દ્વારા પ્રચાર સમિતિના અધ્યક્ષપદે એમની નિયુક્તિનો ભારે વિરોધ વચ્ચે થયેલ નિર્ણય. પાર્ટીનાં પ્રચાર સૂત્રો હસ્તગત કરી લીધા પછી હવે પછીનું ઐતિહાસિક વિજય પગલું કયું હશે તે સહેજે કલ્પી શકાય એમ છે. જયારે પોતે કંઈ જ નહોતા અને બારોબાર ગુજરાતના મુખ્યમંત્રીપદે આરૂઢ થયા હતા ત્યારે એમની ગર્વભરી મહત્વાકાંક્ષા આ શબ્દોમાં અભિવ્યક્તિ પામી હતી: 'કેટલાક માણસો ઈતિહાસ વાંચીને એમાંથી પ્રેરણા કે બોધપાઠ મેળવે છે, પણ બહુ ઓછા માણસો ઈતિહાસ સરજી જાણે છે.' ઈતિહાસ સરજી શકવાની પોતાની કાબેલિયત અને લાયકાત વિશે ઊંડો આત્મવિશ્વાસ ધરાવતા નરેન્દ્રભાઈએ ગુજરાતના મુખ્યમંત્રીપદે આરૂઢ થયા પછી પાછું વાળીને જોયું નથી, એટલું જ નહીં, એમને નડતરરૂપ લાગતા અનેક નેતાઓને જડમૂળથી ઉખાડી ફેંક્યા છે. પરંતુ એમના ઝુઝારુ વ્યક્તિત્વ અને નેતૃત્વથી ભાજપમાં જ ભવાઈ સરજાવા પામી છે તેથી પક્ષની સિનિયર નેતાગીરી અત્યંત નારાજ છે. અડવાણી જેવા પાર્ટીના પાયાના પથ્થરને હાંસિયે ધકેલી દઈ નરેન્દ્ર મોદીની તાજપોશી થઈ રહી છે ત્યારે પાર્ટીના ભવિષ્ય વિશે દેખીતી રીતે જ શંકા ઊપજે. ગુજરાતના વરિષ્ઠોની જે દુર્દશા થઈ તે આપણી નજર સામે છે. અત્યારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી નામે ઓળખાતા રાજકીય સંગઠનમાં મોદી ભક્તો સિવાયના કાર્યકરોની કોડીની કિંમત રહી નથી. યશવંત સિન્હા જેવા જમાનાના ખાધેલા નેતાએ પોતાને 'નમોનિયા' નહીં લાગુ પડ્યો હોવાની વાત કરી તે શું દર્શાવે છે? મોદી સામે આખેઆખી સિનિયર પેઢીને અને ઉમાભારતી-રમણસિંહ- શિવરાજસિંહ જેવા એમની પેઢીના નેતાઓને ભારે વાંધો હોવા છતાં સંઘ પરિવારના દબાણ અને બીજી- ત્રીજી હરોળની મોદી ભકતમંડળીના ધમપછાડાને વશ થયા વગર બીજો વિકલ્પ જ ક્યાં બચ્યો હતો? ગોવાના મુખ્યમંત્રી જેવા લો પ્રાફાઈલ નેતાઓએ મોદી પ્રશસ્તિથી મંગલાચરણ કર્યું તે પછી જે વિચિત્ર ઘટનાક્રમ સરજાયો એથી રાષ્ટ્રીય પાર્ટી તરીકે ભાજપની શાખના લીરા જ ઊડ્યા છે. કોંગ્રેસ પોતે મૂર્છાની સ્થિતિમાં હોઈ પ્રતિસ્પર્ધી વિપક્ષની આ નબળાઈનો પૂરતો લાભ નથી ઉઠાવી શકી પરંતુ જનસમુદાયમાં ભાજપ વિશેનું ભ્રમનિરસન થઈ જવા પામ્યું છે. નરેન્દ્ર મોદીને પ્રચાર સમિતિનું સુકાન સોંપાવાને મુદ્દે અડવાણીથી લઈ નીતીશકુમાર સુધીનાની કહેવાતી સંમતિ લઈ લેવાઈ હોવા છતાં મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ ધરવાની વાત આવશે ત્યારે પાર્ટીમાં અને સહયોગી પક્ષોમાં ભડકો થયા વગર રહેવાનો નથી. મોદી કુનેહપૂર્વક હાલ તો બધાને સાથે લઈ આગળ વધવાનો દેખાવ કરશે અડવાણી જેવાને પગે પણ પડશેઅને સુષમા સ્વરાજને આલિંગન આપશે પરંતુ સમય આવ્યે એમનું અસલી સ્વરૂપ બતાવ્યા વિના રહેવાના નથી તે અડવાણી અને મુરલીમનોહર જોશી જેવા વખારે નંખાયેલા નેતાઓ તો જાણતા જ હોય. સૌથી દયાજનક સ્થિતિ સુષમા, શિવરાજ અને ઉમાભારતી જેવા એમની પેઢીના આગેવાનોની થવાની.

# સબ રજીસ્ટ્રારની પરીક્ષામાં ઉમેદવારોને પ્રશ્નપુસ્તીકા પરત લેવાતા ભારે રોષ

### જીટીયુના આ તઘલખી નિર્ણયથી વિદ્યાર્થીઓમાં નિરાશા : વિકલાંગ ઉમેદવારો માટે કોઈ યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવતા ઉમેદવારો ઢસડાતા-ઢસડાતા વર્ગ ખર્ડ સુધી પહોંચ્યા

ગાંધીનગર, તા. ૯

મહેસુલ વિભાગની ભરતી સમિતિ ગાંધીનગર દ્વારા ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીના નેજા હેઠળ આજે લેવાયેલી સબ રજીસ્ટ્રાર ગ્રેડ ૨ (વર્ગ-૩)ની સીધી ભરતી માટેની હેતુલક્ષી પ્રશ્નવાળી લેખિત પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી કુલ ૧.૧૦ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરંતુ જે તે કેન્દ્ર ઉપર લેવાયેલી પરીક્ષામાં પરીક્ષા બાદ ઉમેદવારોને જીટીયુની સૂચના મુજબ નિરીક્ષકોએ પ્રશ્નપત્ર ન આપતા ઉમેદવારો પરીક્ષાર્થીઓ ભારે રોષે ભરાયા હતા. જ્યારે અનેક કેન્દ્રો પર વર્ગ નિરીક્ષકો અને ઉમેદવારો વચ્ચે ઘર્ષણના બનાવો પણ બન્યા હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ જીટીયુના આ તઘલગી નિર્ણય સામે ઉમેદવારોમાં નિરાશા જોવા મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મહેસુલ વિભાગની ભરતી સમિતિની ઓન લાઈન જાહેરાત ક્રમાંક SSIGR/201213/1 અન્વયે સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨ (વર્ગ-૩) સંવર્ગની સીધી ભરતી માટેની હેતુલક્ષી પ્રશ્નવાળી લેખિત પરીક્ષા આજે જેટીયુના નેજા હેઠળ સમગ્ર રાજ્યમાં વિવિધ પરીક્ષા કેન્દ્રો પર લેવાઈ હતી. જેમાં વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા અને તેમાંથી કુલ ૧૦૦ ગુણનું ૧૦૦ પ્રશ્નોવાળુ પેપર કાઢવામાં આવ્યું હતું. બંધારણ, ઈતિહાસ, વર્તમાન પ્રવાહો, સામાજીક વિજ્ઞાન, કૃષિ, જમીન, અંગ્રેજી, પંચાયત વગેરે વિષયોને આવરી લઈ સરળ પેપર પૂછવામાં આવ્યું હતું. જેથી ઉમેદવારો પણ ખુશ ખુશાલ હતા. પરંતુ પ્રથમવાર ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના નેજા હેઠળ લેવામાં આવેલી આ સબ રજીસ્ટ્રારની પરીક્ષામાં અઢળક ખામીઓ જોવા મળી હતી. પ્રશ્નપત્રમાં ઉમેદવારનો નંબર લખવા માટે સાત આંકડા માટેના સાત બોક્ષ જરૂરી છે. ત્યારે ૬ બોક્ષ જ મુકતા વિદ્યાર્થીઓ પોતાનો નંબર લખવા માટે મુંઝાયા હતા. જયારે પ્રશ્નપુસ્તીકાની અંદર ગાઈડલાઈન મુજબ 'વિદ્યાર્થીઓ અથવા પરીક્ષાર્થીઓ પરીક્ષા પૂર્ણ થયા બાદ પોતાની પ્રશ્નપુસ્તિકા લઈ જઈ શકે છે.' પરંતુ આજે લેવાયેલી સબ રજીસ્ટ્રારની પરીક્ષામાં પરીક્ષા બાદ વર્ગ નિરીક્ષકોએ પ્રશ્નપુસ્તિકા લઈ લેતા ઉમેદવારો અને વર્ગ નિરીક્ષકો વચ્ચે અનેક પરીક્ષા કેન્દ્રો પર ઘર્ષણ થયા હતા. જ્યારે જીટીયુ દ્વારા પરીક્ષા આપી રહેલા વિકલાંગ ઉમેદવારો માટે પણ કોઈ અલગ અથવા નીચેના બેઠક વ્યવસ્થા ન ઉભી કરતા ઉમેદવારોમાં ભારે રોષ ફેલાયો છે. મહેસૂલ વિભાગની સબરજીસ્ટ્રારની પરીક્ષામાં જીટીયુને કોઈપણ પ્રકારના નાવા નિચોવાના સંબંધ ન હોવા છતાં પણ પરીક્ષાનું વ્યવસ્થા માળખુ તેમને સોંપવામાં આવતા વિદ્યાર્થીઓમાં વિવિધ ચર્ચાએ જોર પકડ્યું છે અને પ્રશ્નપુસ્તિકા પરત લેવાના નિર્ણય સામે પણ અનેક મોટી ગેરરીતિ થવાની પણ ભીતી સેવાઈ રહી છે.



ભારત વિકાસ પરિષદ દ્વારા ઈફેકટીવ લીડરશીપ એન્ડ હાઉ ટુ કન્વીન્સ ધ પીપલ વિષયે એક દિવસનો સેમિનાર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીના સેમિનાર હોલમાં યોજાયો હતો. આ સેમિનારમાં ટ્રેનર દિપક તેરૈયા અને કલ્યાણસિંહ ચંપાવત દ્વારા શિબાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. ૩૫ યુવકો અને ૨૫ યુવતિઓ મળી કુલ ૬૦ શિબિરાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## વિકલાંગ વિદ્યાર્થીઓનાં વાહનો પણ ગેટની બહાર પાર્ક કરાવાયાં !

રાજ્યના વિવિધ કેન્દ્રો પર લેવાયેલી સબ રજીસ્ટ્રારની પરીક્ષામાં તમામ કેન્દ્રો પર વિકલાંગ ઉમેદવારો માટે ત્રીજા અને ચોથા માળે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને તમામને પોતાના વાહન ગેટની બહાર મુકી આવવા જણાવાયુ હતુ અને વિદ્યાર્થીઓ ઢસડાતા ઢસડાતા ગેટ પરથી વર્ગખંડ સુધી થવાની ફરજ પડી હતી.

## ગાંધીનગરનો યુવાન નશાબંધી પી.એસ.આઈ.ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ



ગાંધીનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના વનવાસી વિજયનગર તાલુકાના મૂળવતની અને હાલ ગાંધીનગર શહેરમાં રહેતા કપિલકુમાર પ્રવિણકુમાર શાહે હાલ ગુજરાત સરકારની નશાબંધી અને આબકારી ખાતાના સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં સામાન્ય વર્ગમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવી વિજયનગર અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુંછે. સાબરકાંઠા જિલ્લાના વનવાસી વિજયનગર તાલુકાના મૂળ વતની અને અનાજનો વેપાર કરતા પ્રવિણકુમાર શાહ અનેપ્રેમીલાબેન શાહનોપુત્ર કપિલ શાહે પહેલેથી જ પ્રાથમિક માધ્યમિક અને કોલેજમાં અવ્વલ ક્રમે રહી વિવેકાનંદજીને પોતાના આદર્શ બતાવી ઉંચુ લક્ષ્યાંક રાખ્યુંહતું. છેલ્લા ૬ વર્ષથી સતત અને સખત મહેનત કરતા કપિલ શાહે અનેક વિષયોનું ઉંડુ જ્ઞાન ધરાવે છે. અને આજ જ્ઞાનના આધારે તેવી કેન્દ્રીય લોક સેવા આયોગ મારફતે લેવાયેલી આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. જેવી અઘરી ગણાતી મુખ્ય પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરી હતી પરંતુ મૌખિક પરીક્ષામાં સફળતા ન થતા તેઓ નિરાશ થયા ન હતા અને ગુજરાત સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષા આપવાનું ચાલુ રાખ્યું હતું. જેના સફળ સ્વરૂપે હાલ ગુજરાત સરકાર દ્વારા લેવાયેલી નશાબંધી અને આબકારી ખાતા સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષામાંસમગ્રરાજ્યમાંત્રીજોક્રમ અને સામાન્ય કેટેગરીમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

ઉભરતા વિદ્યાર્થીઓને ૬-૭ વિષયો એક સાથે ભણાવી સકતા અને વિવિધ વિષયોનું ઉંડુ જ્ઞાન ધરાવતા કપિલભાઈને આવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રેરણા સનદી અધિકારી હર્ષદભાઈ પટેલે આપી હતી. જ્યારે તેઓ પોતાની આ સફળતા પાછળનો શ્રેય ગુરૂજનો, વડીલો, મિત્રો, અનેખાસ માતા પ્રેમિલાબેન, પિતા પ્રવિણકુમાર અને પત્ની સોનમ શાહને આપે છે.

## આર્ટ ઓફ લીવીંગનો કોર્ષ ૧૧મીથી પ્રારંભાશે

### વિશ્વના ૧૫૪ દેશોમાં ચાલતો કોર્સ ગાંધીનગરમાં ૧૬ જૂન સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૯

આર્ટ ઓફ લીવીંગનો અઠવાડિયાનો કોર્ષ મંગલમૂર્તિ મેડીટેશન હોલ, પ્લોટ નં. ૧૫૫૬/૧, સેક્ટર-૨-સી, ગાંધીનગર ખાતે સાંજે ૭ થી ૯ વાગ્યા દરમિયાન યોજાશે.

વિશ્વના ૧૫૪ દેશોમાં ચાલતો આર્ટ ઓફ લીવીંગનો કોર્ષ ગાંધીનગરમાં તા. ૧૧મી જૂન-૨૦૧૩થી ૧૬મી જૂન-૨૦૧૩ સુધી યોજાશે. કોર્ષમાં ધ્યાન, યોગ, પ્રાણાયમ તથા સુદર્શન ક્રિયા કરાવવામાં આવશે.

કોર્ષમાં ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા કોઈપણ વ્યક્તિ જોડાઈ શકશે.

આ અંગેની વધુ વિગતો મો. નં. ૯૮૨૫૮૩૮૬૮૦૫ પર સંપર્ક કરવાથી મળી શકશે.

## ચૌધરી કોલેજની હોમસાયન્સની બહેનોની સફળતા

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭, ગાંધીનગરમાં બી.એ. હોમસાયન્સનો ડિગ્રી કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં વર્ષ ૧૯૯૪ થી અનેક વિદ્યાર્થિનીઓ એડમિશન મેળવી પાસ થઈ મુખ્ય સેવિકા, ગ્રામ સેવિકા, હેલ્થ વર્કર ડાયટીશ્યન, આંગણવાડી કાર્યકર, ફેશન ડિઝાઈનર, તલાટીમાં તેમજ ગુજરાત સરકારના હેલ્થ પ્રોજેક્ટમાં કાર્યરત બની છે જેને કોલેજ પરિવારે અભિનંદન આપી શુભેચ્છા પાઠવી છે.

## આજે આપણે વાતચીતના જરાક સંકુલ વાકયોવાળા પ્રકારનો અભ્યાસ કરીએ

### આવો અંગ્રેજી શીખીએ

\- ચેતના બુચ

મિત્રો, આપણે છેલ્લા બે અઠવાડિયાથી વાત-ચીતના કેટલાંક અંશનો અભ્યાસ કરીએ છીએ. જેમાં થોડાંક સરળ વાક્યો હતા. આજે પણ આવો જ વાતચીતનો જરાક સંકુલ (Complex) વાકયોવાળાં પ્રકારનો અભ્યાસ કરીએ.

માતા : આજે તું કેમ આટલો જલ્દી ઊઠ્યો ?
Mummy : Why did you get up so early?
દીકરી : આજે મારે પિકનીક જવાનું છે.
Daughter : Today I am going to picnic.
માતા : ખૂબ સરસ.
તમે કઈ જગ્યાએ જઈ રહ્યા છો?
Mummy : Very nice.
Where are you going?
દીકરી : તારંગા હીલ
Daughter : Taranga Hill
માતા : તે ખૂબ જ સરસ જગ્યા છે.
તને ખૂબ મજા આવશે.
તું ક્યારે જઈશ?
Mummy : It is a very nice place.
You will enjoy a lot.
When will you go?
દીકરી : ૭.૦૦ વાગે. આજે નાસ્તામાં શું બનાવ્યું છે?
Daughter : 7 O'clock, What have you prepared for a breckfast?
માતા : હવે બનાવીશ. બોલ શું ખાવું છે ?
Mummy : It will prepare now. Tell me. What what would you like?
દીકરી : ગમે તે બનાવો જે જલ્દી બની જાય.
Daughter : Any thing which could be prepared quickly
માતા : સારું
Mummy : OK
દીકરી : મારી વ્હાલી મા!
આશીર્વાદ આપ ચાલ!
હું જાઉં છું.
Daughter : My Dear Mummy
I am going.
Bless me.
માતા : ભગવાનના આશીર્વાદ.
ભગવાન તમે મદદ કરે.
Mummy : God Bless you
May God help you

# આજે ભણવાનું સૌ કોઈ જાણે છે, પણ શું ભણવું તે કોઈ જાણતું નથી

- કેળવણીમાં વિજયની ચાવી છે... તેમાં જો આપણે વિજય પામીશું તો સર્વત્ર વિજય જ છે
- ક્રોધ સમજદારીને ઘરમાંથી બહાર કાઢે છે અને દરવાજાને તાળું લગાવી દે છે
- જેવી રીતે ઉકળતા પાણીમાં આપણે આપણું પ્રતિબિંબ જોઈ શકતા નથી તેવી રીતે ક્રોધી બનીને આપણે એ નથી સમજી શકતા કે આપણી ભલાઈ કઈ વાતમાં છે?

## ચિંતન સભા

આજકાલ નેનો ટેકનોલોજીનો યુગ છે. મોટી ગાડીઓમાંથી હવે સાવ ટચૂકડી કાર આવી રહી છે. કોમ્પ્યુટરમાંથી લેપટોપ અને હવે અલ્ટ્રાબુક આવી રહી છે, જે ટેબ્લેટ કેપ્સ્યુલ જેવું નાનકડું, ખિસ્સામાં મૂકી શકાય એવું કોમ્પ્યુટર આવી રહ્યું છે. એટલે સુખી થવા માટે હજારો નહીં અબજો પુસ્તકો છે. માર્ગદર્શકો છે, સ્થળો છે, દરેકની પસંદગી અલગ-અલગ હોય છે. એટલે અહીં આપણી પ્રાચીન વર્ણવ્યવસ્થાનો વ્યવાહિક ઉપયોગ કરીએ તો બ્રાહ્મણને સુખી થવા જ્ઞાન ઉપયોગી થાય, ક્ષત્રિયને સુખી થવા શસ્ત્ર ઉપયોગી થાય, વૈશ્ય માટે વ્યાપાર અને અન્યો માટે સેવાધર્મ પરમોધર્મ છે. હવે યજુર્વેદનાં બીજા અધ્યાયમાં વિરાટપુરૂષનું સૂક્ત છે. જેમાં શરીરમાં જ કર્મ અનુસાર ચાર વિભાગો પાડવામાં આવે છે, જેમાં મસ્તક બ્રાહ્મણ છે. બ્રાહ્મણ એટલે બ્રહ્મને જાણતા, બ્રહ્મની ઓળખ કરાવનાર, બ્રહ્મ એટલે શાશ્વત અને સનાતન, તેથી જ શાશ્વત અને સનાતન, તેથી જ શાસ્વત છે, ચિરંજીવી છે એ પ્રેમ - અહિંસા - સત્ય માટે બ્રાહ્મણ હોવું જરૂરી છે. બ્રાહ્મણો જ્ઞાતિ નથી, એક સ્થિતિ છે. પ્રબુદ્ધ વિચારો એટલે બ્રાહ્મણ. મસ્તક હંમેશાં સારૂં અને સાચું વિચારે તો જીવનમાં સફળ થવાનો રસ્તો મળી જાય. બાહુઓ એટલે કે બે હાથ વડે જીવનના શત્રુઓ હિંસા, ઈર્ષાય, દ્વેષનો નાશ કરવાનો છે. હિંસાનો અહિંસાથી, ઈર્ષાનો સ્નેહથી, દ્વેષનો પ્રેમથી નાશ એટલે કે તેને રૂપાંતરિત



કરવાનાં છે. ઉરૂ એટલે કે પેટ તે વૈશ્ય છે. પેટ બૅન્ક - સંચકનું પ્રતીક છે. પેટમાં સારા વિચારોની મૂડી જમા કરવાની છે, 'વાત પેટમાં રહેલી જોઈએ' નો અર્થ એ જ છે. અને યાદ એટલે કે પગ સેવા રસ્તે પ્રવૃત્ત રહેવા જોઈએ. હવે સફળતાના રસ્તે ઊલટો ક્રમ છે. પ્રથમ પગ વડે ચાલીએ છીએ. તો કયાં જવું નો મસ્તક પાસે છે, કેવી રીતે જવું કે શા માટે જવું? નો જવાબ બે હાથ પાસે છે. કાર્ય કરવાની પદ્ધતિની પુરી યોજના પેટ પાસે છે અને એ બધું નક્કી થયા પછી ચરણ ઉપડે તો સફળતા મળવાની જ, બસ મસ્તક - મનથી દઢ સંકલ્પ કર્યો એટલે હાથ-પગ-પેટ બધું જ એની વાત માનશે. જો કોમ્પ્યુટરને ખોટી આજ્ઞા **(Wrong Command)** અપાય તો એ એ પ્રમાણે કાર્ય કરે છે. એટલે સુખી થવાનાં અસંખ્ય રસ્તાઓને શોર્ટલિસ્ટ કરી અનુભવીઓને માત્ર દસ રસ્તા આપ્યા છે : જે આ મુજબ છે. પણ આ પણ ખાતરી નથી. તમે તમારા આગવા દસ રસ્તા પણ નક્કી કરી શકો - પરંતુ શરત છે - આચરણ કરવાની.

- દરરોજ ૧ થી ૨ કિ.મી. ચાલવાનું રાખો.
- દરરોજ ૧૦ થી ૧૨ ગ્લાસ પાણી પીઓ.
- ખૂબ હસો - હસાવો
- વરસમાં ઓછામાં ઓછાં ૧૨ વૃક્ષો વાવો.
- વાહનોનો ઉપયોગ ઓછો કરો.
- ૧ ભાગ ખોરાક ૧ ભાગ પ્રવાહી ખોરાક ૧ ભાગ પાણી ૧ ભાગ હવા લો.
- પોતાનાં કામ પોતે જ કરો. અથવા દરરોજ એક કલાક કસરત કરો.
- લીલાં શાકભાજી-ફળોના રસ ઉપર સપ્તાહમાં એક દિવસ રહો.
- ટીકા, ચિંતા, ઈર્ષ્યા, દ્વેષથી દૂર રહો.

આ જીવનની સફળતાની નેનો પદ્ધતિ છે. હજી એનોય સાર કાઢવો હોય તો - સંપૂર્ણપણે કુદરતી જીવન જીવો. એટલે A.C. ને બદલે સૂર્યપ્રકાશનો ઉપયોગ કરો. ખાદી પહેરો, ખૂબ વાંચો, સ્મૃદ્ધિનાં સ્વપ્નો જુઓ, આનંદમાં રહો - હજી એનુંયે સંક્ષિપ્ત સ્વરૂપ જોઈએ તો

- ખુબ વાંચો - વિચારો - અમલ કરો.

તમારાં ધ્યેયનું દર્શન કરતાં રહો, ધારે કે તમારે મોટા ઉદ્યોગપતિ થવું છે તે એનો સુંદર ખ્યાલ મનમાં લાવો, તેની ડિઝાઈન મનમાં અંકિત કરો. તમે 'સ્વ-સૂચના' આપો. તમારા ધ્યેયને તમારી પ્રતીક્ષા કરવાનો કહો. દઢસંકલ્પ અને મજબૂત વિચારો તમારા ધ્યેયને સફળ બનાવતા સંજોગો ઊભા કરશે જ.

અમેરિકાનો લેખક જ્હોન માર્ટિન સફળતા વિશેનાં પુસ્તકો લખીને અબજોપતિ બની ગયો છે. આપણે ત્યાં પણ ડૉ. જિતેન્દ્ર અઢિયાનાં વિચારપ્રેરક પુસ્તકોથી કેટલાંય જીવન બદલાયાં છે.

''હું દિવ્યાત્મા છું, મહાન છું'' એવું સતત રટણ કરવાથી તમારી અંદર મહાનતાનો ઉદય અવશ્ય થાય છે. તમારૂં મન જ તમને મહાન બનાવે છે. તમને ગમતી સુગંધની કલ્પના સબળ બનતાં તમે તે સુગંધ અનુભવીશકો છો. કોઈ વ્યક્તિને મળવાની પ્રબળ ઈચ્છા એ વ્યક્તિ સાથે તમારી મુલાકાત ગોઠવી જ આપે છે. અમેરિકાની અવકાશસંશોધન સંસ્થા નાસાના અવકાશાયાત્રીઓ અવકાશમાં જવા પૂર્વે મનમાં દઢ કલ્પના કરે છે પરિણામે તેઓ સફળતાપૂર્વક અવકાશયાત્રા કર્યાનું જણાવે છે.

આપણું સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષનું હોય છે એમાંથી ૨૩મે વર્ષે ઓછામાં ઓછું પ્રો ગ્રેજ્યુએશન કરીને વ્યવસાયમાં જોડાઈએ તો ૫૪ વર્ષ સુધી શરીરની તાકાત એવી જ રહે છે, આમ ૩૦ વર્ષમાં જીવનમાં મોટા ભાગનાં સફળ કાર્યો આપણે કરતાં હોઈએ જેમાં અડધો સમય ઊંઘમાં, દશમો ભાગ રમવામાં, આઠમો ભાગ વાંચવામાં, મીટિંગો, પ્રસંગો, વાતચીતોમાં જાય છે, આમ માત્ર ૧૦ વર્ષનાં જીવની સફળતાની તૈયારી અને પ્રાપ્તિ કરવાની હોય છે. તેથી સમયનો તાલમેલ પણ અત્યંત જરૂરી છે. બિનજરૂરી રખડપટ્ટી કરવા કરતાં શાંતચિત્તે પ્રકૃતિના ખોળે બેસો, ફૂલછોડને પાણી પાઓ, કોઈ સંગીત સાંભળો, ચિત્રો દોરો, નાચો-કૂદો, હસો-હસાવો, તો તમે નિત્ય તાજગી અનુભવશો. ટી.વી. વધુ જોવા કરતાં પરિવાર સાથે બેસો, બાળકો સાથે રમો - તમે નાનાં બાળક બની જશો અને નાના બાળકોનો સંગ તમને અંદર - બહારથી હળવાફુલ કરી દેશે.

બહાર ભલે તમે મોટી વ્યક્તિ હો પણ ઘેર આવીને પરિવાર સાથે ફરી નાની બની જાઓ - આખો દિવસ 'સર.. સર..' સાંભળીને પાકી ગયેલા કાનને ફરી નામથી બોલાવવાની તક આપીને તમે નાના હતા એવડા બની જાઓ, એનો આનંદ અનેરો છે. વડીલો પાસે બેસો એ નાનાં નામે બોલાવે એની મીઠાશ મનભરીને માણો.

માહિતી - જ્ઞાનની ધાર સતેજ કરતા રહો. ઘરમાં નાની શી લાઈબ્રેરી રાખો, વર્તમાનપત્રો પણ મંગાવો. છેવટે લાઈબ્રેરીમાં જઈને વાંચો. સારૂં વાંચવાની ટેવ પાડો, તો તમારી પાસે સતત સારાં પુસ્તકો આવતાં જ રહેશે. પુસ્તકો પ્રત્યક્ષ દેવ છે. એની સમીપે તમે મન ખોલો એ તમારી સામે એનું મન ખોળી દેશે. જગતના વિચારકો, ચિંતકોને વાંચો. આજે તો ઈન્ટરનેટ પર કરોડો પુસ્તકો ઘેર બેઠાં વાંચવા મળે છે. નેટનો ભરપૂર લાભ લો.

મદદથી સંબંધોમાં ઉષ્મા આવે છે. વિનમ્રતા આવે છે. તેથી થઈ શકે તેવી કોઈની મદદ કરો. કોઈકને અણીના સમયે કરેલી મદદ તમને મહામુસીબતોમાંથી ઉગારી લેશે કેમ કે સારાં કર્મનો સારો બદલો મળે જ છે. જેવી કરણી તેવી ભરણી, આશાવાદી બનો, ''આમાં સારૂં જ થશે''એવી દઢ ભાવના કરો, પરમતત્ત્વમાં અને પરિશ્રમમાં શ્રદ્ધા રાખો. એ તમારા દરવાજે આવીને તમને તમારૂં ધ્યેય તમને સોંપાશે જ. દઢ ઈચ્છા કરો, વિશ્વાસ રાખો, સફળતા મળશે જ.

